## Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

**Term-End Examination : February - 2026**

**Course Name : BSW** | **Date : 18-Feb-26**

**Subject Name : દિવ્યાંગ વ્યક્તિઓ અને સમાજકાર્ય** | **Time : 11:30am to 01:45pm**

**Max Marks : 70**

**Subject Code : BSW-503**

---

**પ્રશ્ન-1. નીચેનામાંથી કોઇપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) વિકલાંગ વ્યક્તિઓ અધિનિયમ, 1995 ની મુખ્ય જોગવાઈઓ અને ભારતમાં દિવ્યાંગ અધિકાર ક્ષેત્રમાં તેના મહત્ત્વનું વર્ણન કરો.

(2) ADIP યોજના નો મુખ્ય હેતુ સમજાવો અને આ યોજના હેઠળ પૂરા પાડવામાં આવતા વિવિધ સહાયક સાધનો ની યાદી આપો.

**પ્રશ્ન-2. નીચેનામાંથી કોઇપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) રાષ્ટ્રીય ટ્રસ્ટ અધિનિયમ, 1999 નો મુખ્ય હેતુ અને તેમાં આવરી લેવામાં આવેલી ચાર દિવ્યાંગતાઓ વિશે વિગતવાર જણાવો.

(2) દિવ્યાંગતાના ક્ષેત્રમાં કેસ વર્કર તરીકે તમે કયા પડકાર નો સામનો કરો છો અને તેને દૂર કરવા માટેની તમારી વ્યૂહરચના સમજાવો.

**પ્રશ્ન-3. નીચેનામાંથી કોઇપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) દિવ્યાંગતાની વિભાવનાને સમજવામાં સમાજકાર્યની ફિલસૂફી અને અભિગમ અન્ય વ્યવસાયોથી કેવી રીતે અલગ પડે છે તે સમજાવો.

(2) દિવ્યાંગ વ્યક્તિઓને રોજગાર મેળવવામાં આવતા અવરોધો સમજાવી, આરક્ષણ નીતિ અને વ્યવસાય માર્ગદર્શન ની ભૂમિકા સ્પષ્ટ કરો.

**પ્રશ્ન-4. ટૂંકનોધ લખો (કોઇપણ બે)** **( 14 )**

(1) RPwD અધિનિયમ 2016 મુજબ દિવ્યાંગતાના કોઈપણ પાંચ પ્રકારો

(2) દિવ્યાંગ વ્યક્તિઓની મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો

(3) સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNCRPD) અને દિવ્યાંગોના અધિકારો

(4) દિવ્યાંગોના વ્યાવસાયિક પુનર્વસનમાં રહેલા પડકારો

**પ્રશ્ન-5. સાચો વિકલ્પ પસંદ કરો.** **( 14 )**

**(1) અધિનિયમ, 2016 હેઠળ દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારોના રક્ષણ માટે કઈ સંસ્થાની રચના કરવામાં આવે છે?**

A) સમાજ કલ્યાણ વિભાગ B) રાજ્ય દિવ્યાંગતા કમિશનર

C) ગ્રામ પંચાયત D) પ્રાદેશિક ટ્રસ્ટ

**(2) આર્થિક સશક્તિકરણ માટેની યોજનાઓમાં મુખ્યત્વે શું પ્રદાન કરવામાં આવે છે?**

A) મફત શિક્ષણ B) સબસિડીવાળી લોન અને તાલીમ

C) મફત પ્રવાસ D) યુડીઆઇડી કાર્ડ

**(3) સરકારી યોજનાઓના અમલીકરણમાં આવતો મુખ્ય પડકાર શું છે?**

A) પૂરતું ભંડોળ B) જાગૃતિનો અભાવ અને વહીવટી અવરોધો

C) રાજકીય ઇચ્છાશક્તિ D) દિવ્યાંગોની સંખ્યા

**(4) દિવ્યાંગ વ્યક્તિ ધરાવતા પરિવાર પર થતી મનોવૈજ્ઞાનિક અસરો માં શું શામેલ છે?**

A) અપરાધની લાગણી અને હતાશા B) આર્થિક સમૃદ્ધિ

C) સામાજિક માન્યતા D) નોકરીની તકો

**(5) દિવ્યાંગ વ્યક્તિઓ સાથેના કાર્યમાં આત્મનિર્ધારણ નો અર્થ શું છે?**

A) સમાજકાર્યકરે તમામ નિર્ણયો લેવા B) દિવ્યાંગ વ્યક્તિને પોતાનું જીવન જીવવા માટે નિર્ણય લેવાનો અધિકાર

C) પરિવારને તમામ નિર્ણયો લેવાનો અધિકાર D) સરકાર દ્વારા ફરજિયાત નિર્ણયો

**(6) શૈક્ષણિક પુનર્વસનમાં સામાજિક કાર્યકરની ભૂમિકા શું છે?**

A) માત્ર શિક્ષણ આપવું B) માતા-પિતાને માર્ગદર્શન અને બાળકની શૈક્ષણિક વ્યવસ્થામાં મદદ

C) માત્ર ડૉક્ટરની સલાહ આપવી D) શાળાનું સંચાલન કરવું

**(7) દિવ્યાંગ મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતો વિશિષ્ટ પડકાર કયો છે?**

A) માત્ર નોકરીનો અભાવ B) દિવ્યાંગતા અને લિંગ આધારિત ભેદભાવ

C) માત્ર શિક્ષણનો અભાવ D) આર્થિક સમૃદ્ધિ

*******